## શિસ્તના નામે 'નો સેન્સ': ભાજપ કાર્યાલય બહાર જ નિયમોના ધજાગરા



બારડોલી: સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ ભાજપની સેન્સ પ્રક્રિયાના બીજા દિવસે ઉમેદવારોનો ભારે રાફડો ફાટ્યો હતો. બીજા દિવસે પલસાણા, બારડોલી તાલુકા અને નગરપાલિકાની બેઠકો માટે 275 દાવેદારો ઉમટી પડ્યા હતા. અગાઉ પ્રથમ દિવસે મહુવા, અંબિકા અને ચોર્યાસી પંથકમાંથી 300થી વધુ ફોર્મ ભરાયાં હતાં, આમ બે દિવસમાં કુલ આંકડો 575ને વટાવી ગયો છે. જો કે, આ પ્રક્રિયા દરમિયાન મધ્યસ્થ કાર્યાલય બહાર વ્યવસ્થાના લીરેલીરા ઊડ્યા હતા. ઉમેદવારો અને સમર્થકોનાં વાહનોના આડેધડ પાર્કિંગને કારણે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. શિસ્તના આગ્રહી પક્ષના કાર્યાલય બહાર જ વાહનો એવી રીતે ખડકાયાં હતાં કે ત્યાંથી પસાર થવું કે પોતાની કાર બહાર કાઢવી પણ મુશ્કેલ બની ગઈ હતી.

# વ્યારા નગરપાલિકામાં 7 વોર્ડની 28 બેઠક ઉપર મતદાન યોજાશે

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણી જાહેર: જિ.પં.ની 26 અને 8 તાલુકાની 134 બેઠક પર 26મીએ મતદાન

વ્યારા: રાજ્યમાં ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત તાપી જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ 26 એપ્રિલે થશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતા જ રાજકીય પક્ષો સહિત ચૂંટણી લડવા ઈચ્છુક અપક્ષ ઉમેદવારોમાં ચહલપહલ વધી જવા પામી છે. આગામી 26 એપ્રિલે વ્યારા નગર પાલિકા, તાપી જિલ્લા પંચાયત અને જિલ્લાના કુલ 8 તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે. જેમાં વ્યારા નગર પાલિકાના 7 વોર્ડની 28 બેઠકો, જિલ્લા પંચાયતની 26 બેઠક અને જિલ્લાના તમામ આઠેય તાલુકા પંચાયતની કુલ 134 બેઠકો માટે મતદાન થશે. જે ચૂંટણીના પરિણામો 28 એપ્રિલે જાહેર કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2021 તાપી જિલ્લા પંચાયતમાં દેશની આઝાદી બાદ પ્રથમ વખત ઐતિહાસિક વિજય મેળવી જિલ્લા પંચાયતની 26 બેઠક પૈકી 17 બેઠકો પર કબજો મેળવીને વર્ષોથી સત્તા પર રહેલી કોંગ્રેસને ચોંકાવી દીધી હતી. આ ઉપરાંત જિલ્લાનાં 7 તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ નિઝર, કુકરમુંડા, વાલોડ અને ડોલવણ તાલુકા પંચાયત પર ભાજપનો ભગવો લહેરાયો હતો. અને ત્યારબાદ જોડતોડ કરીને વ્યારા અને ઉચ્છલ તાલુકા પંચાયત પર કબજો જમાવ્યો હતો. અને કોંગ્રેસ માત્ર સોનગઢ તાલુકા પંચાયતમાં સત્તા પર ટકી રહી હતી. જિલ્લાની વ્યારા નગર પાલિકાની સત્તા પણ વર્ષ 2021ની ચૂંટણી બાદ ભાજપ ટકાવી રાખવામાં સફળ રહ્યું હતું. દરમિયાન વ્યારા પાલિકાની ચૂંટણીમાં 7 વોર્ડની 28 બેઠક પૈકી 22 બેઠક પર ભાજપની જીત થઈ હતી. જેને કારણે કોંગ્રેસની વ્યારા પાલિકાની ચૂંટણીમાં પણ ભૂંડી રીતે હાર થઈ હતી, જેમાં કોંગ્રેસને માત્ર 6 બેઠકો પ્રાપ્ત થઈ હતી. ત્યારે એપ્રિલ-2026માં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તાપી જિલ્લામાં ભાજપ સત્તા ટકાવી રાખવા તેમજ કોંગ્રેસ જિલ્લામાં સત્તા પર વાપસી કરવા તેમજ આમ આદમી પાર્ટી જિલ્લા પ્રથમ વખત ચૂંટણી જીતવા મેદાનમાં ઊતરશે.

### બારડોલીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ આચારસંહિતા અમલી

બારડોલી: બારડોલીમાં આગામી 26મી એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. બુધવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ સમગ્ર બારડોલી તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. ચૂંટણીની વિગતો મુજબ બારડોલી નગરપાલિકાના કુલ 9 વોર્ડની 36 બેઠક માટે મતદાન થશે. આ સાથે જ બારડોલી તાલુકા પંચાયતની 22 બેઠક અને સુરત જિલ્લા પંચાયતની 36 બેઠકો પર પણ જંગ જામશે. વહીવટી તંત્ર દ્વારા મતદાનની પ્રક્રિયા માટેની તૈયારીઓ વેગવંત બનાવી દેવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા આ વખતે પ્રચાર અને તૈયારીઓ માટે ખૂબ જ મર્યાદિત સમય ફાળવવામાં આવ્યો હોવાથી રાજકીય પક્ષોમાં દોડધામ મચી છે. ઉમેદવારોની પસંદગીથી લઈને પ્રચારના આયોજન માટે સ્થાનિક સ્તરે રાજકારણ ગરમાયું છે અને પક્ષોએ પોતાની વ્યૂહરચના ઘડવાનું શરૂ કરી દીધું છે.

# સોનગઢ નગરમાં કરોડોનો ભ્રષ્ટાચાર રૂ.500ની લાઈટ 3800માં ખરીદી!

**જનતાનાં** નાણાંની ખુલ્લી લૂંટ, માહિતી આપવામાં તંત્રના હાંજા ગગડ્યા

સોનગઢ: સોનગઢ નગરપાલિકામાં વિકાસનાં કામોની આડમાં આચરવામાં આવી રહેલા કથિત ભ્રષ્ટાચારને લઈને રાજકીય ગરમાવો આવી ગયો છે. પાલિકામાં સત્તાધારી પક્ષ દ્વારા સત્તાના જોરે કરોડો રૂપિયાના બિલો પાસ કરાવી લેવામાં આવતાં હોવાના આક્ષેપ સાથે વિપક્ષી સભ્યોએ મોરચો માંડ્યો છે. કોંગ્રેસ પક્ષના વિપક્ષી સભ્યો નાસીર બશીર શેખ અને બાનુ શાબાશ ખાન પઠાણ દ્વારા વિકાસનાં કામો અંગે લેખિતમાં વિગતો માંગવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા માહિતી છુપાવવામાં આવતાં મામલો પ્રાદેશિક કમિશનર સુધી પહોંચ્યો હતો. પ્રાદેશિક કમિશનર દ્વારા ગત તા. 6-1-2026ના રોજ સુનવણી રાખવામાં આવી હતી અને વિપક્ષના સભ્યોને પૂરી માહિતી આપવા લેખિત હુકમ કર્યો હતો, તેમ છતાં પાલિકા વહીવટી તંત્ર દ્વારા માહિતી ન અપાતાં હવે વિપક્ષે ગુજરાત માહિતી આયોગનાં દ્વાર ખખડાવ્યાં છે.




આ ગંભીર કૌભાંડ અંગે બુધવારે તાપી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વૈભવ ગામીત સહકારી આગેવાન સિદ્ધાર્થ ચૌધરીની આગેવાનીમાં સોનગઢ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં ચોંકાવનારા ખુલાસા કરવામાં આવ્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં જણાવાયું હતું કે, સ્ટ્રીટ લાઈટની ખરીદીમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. જે LED લાઈટની બજાર કિંમત આશરે 500 છે, તેવી 50 નંગ લાઈટ પાલિકાએ 3800 લેખે ખરીદી છે. એટલું જ નહીં, 2000ની બજાર કિંમત ધરાવતી લાઈટો 12,500ના તોતિંગ ભાવે ખરીદીને સરકારી નાણાંનો ધુમાડો કરવામાં આવ્યો છે. માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં એટલે કે નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન મેન્ટેનન્સ પાછળ જ 1.5 કરોડ ખર્ચી નંખાયા છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પોલ ઊભા કરવા માટે 1 કરોડ અને અન્ય કામોમાં 2.5 કરોડ મળી કરોડો રૂપિયાના ખર્ચના આંકડા કાગળ પર દર્શાવવામાં આવ્યા છે, પરંતુ વિપક્ષ દ્વારા અવારનવાર સામાન્ય સભામાં ત્રિમાસિક એજન્ડામાં દર્શાવતા મોટા ખર્ચાઓ સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે, પરંતુ શાસકો સત્તાના જોરે તમામ બિલો પાસ કરી લેવામાં આવતા ભ્રષ્ટાચાર અટકાવવાનું નામ નથી લઈ રહ્યા. વર્ષ 2023-24 અને 2024-25ના હિસાબોની વિગતો માંગવા છતાં માહિતી ન આપીને તંત્ર કોઈ મોટા કૌભાંડ પર પડદો પાડી રહ્યું હોય તેમ જણાય છે. જો સોનગઢ નગરપાલિકાના વિપક્ષના સભ્યોને સંપૂર્ણ માહિતી આપવામાં નહીં આવે તો પાલિકાની સામે પ્રતીક ધરણાની તૈયારી બતાવી છે.

### કડોદરામાં ડોલમાં ભરેલા પાણીમાં ડૂબી જવાથી દોઢ વર્ષની બાળકીનું મોત

પલસાણા: કડોદરા GIDC પોલીસ મથકની હદમાં આવેલા અમૃતનગરની એક બિલ્ડિંગમાં પાણી ભરેલી ડોલમાં ડૂબી જવાથી ૨૦ મહિનાની માસૂમ બાળકીનું અકાળે મોત થયું હતું. આ બનાવને પગલે શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર કડોદરાના અમૃતનગર ખાતે આવેલી ઝારા બિલ્ડિંગના રૂમ નં.G/2માં રહેતા અને મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા શિવશંકર યાદવની પુત્રી સિમરન (ઉં.વ.૧ અને ૮ મહિના) ગત ૩૦ માર્ચના રોજ રાત્રિના સમયે બાથરૂમમાં રમી રહી હતી. રમતા-રમતા બાળકી અચાનક પાણીથી અડધી ભરેલી ડોલમાં ઊંધા માથે પડી ગઈ હતી. માથું પાણીમાં ડૂબી જવાના કારણે શ્વાસ રૂંધાતા માસૂમ બાળકીનું મોત નીપજ્યું હતું. પિતા શિવશંકર યાદવે આ અંગે કડોદરા GIDC પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે હેડ કોન્સ્ટેબલ રાકેશભાઈ રમણભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે. મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના વતની એવા આ પરિવારે પોતાની વ્હાલસોયી દીકરી ગુમાવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મોસાલી પ્રાથમિક શાળામાં ધો.8ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

સુરત: સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત માંગરોળ તાલુકાની મોસાલી પ્રાથમિક શાળા ખાતે ધો.8ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ માંગરોળ મામલતદાર ડો.એચ.વી.ચાવડાની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. એ સાથે મોસાલી ગામના સરપંચ સવિતાબેન વસાવા, ડેપ્યુટી સરપંચ બિલાલભાઈ પાંચભાયા, ગ્રામ પંચાયત સભ્ય પ્રેરણાબેન પઢીયાર, ચંદ્રવદન અરુણભાઇ પરમાર, ઐયુબભાઈ ભૂલાએ ઉપસ્થિત રહી વિદાય લઇ રહેલા બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. આ પ્રસંગે શાળાનાં શિક્ષિકા શીલાબેન ચૌધરી, શાળાનાં આચાર્યા વાસંતીબેન વસાવા, પુષ્પાબેન પટેલ, લલિતાબેન ગામીત, શીલાબેન ચૌધરી, જીરૂબેન ગામીત, કવિતાબેન ચૌધરી, તેજલભાઈ પટેલ, આશિષભાઈ ચૌધરી દ્વારા ખૂબ સુંદર આયોજન કરાયું હતું.

### કહેર ગામના યુવાનનું અકસ્માતમાં મોત

વાલોડ: વાલોડના કહેર ગામમાં ટ્રેક્ટરની ટ્રોલી પાછળ બાઇક ભટકાતાં યુવાનને ગંભીર ઇજા પહોંચતા સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું. વાલોડના કહેર ગામે તાડ ફળિયામાં રહેતો યુવાન તેજશ સુરેશભાઇ ચૌધરી (ઉં.વ.30) બાઇક નં.(જીજે-6-સી.જી-4110) લઈ મઢી ખાતે આવ્યો હતો અને ત્યાંથી રાત્રિના સમયે પરત ઘરે આવી રહ્યો હતો. એ સમયે કહેર ગામમાં તાડ ફળિયામાં કલમકુઇ ગામેથી કહેર તરફ આવતા રસ્તા પર પાણીની ટાંકી નજીકથી પસાર થતા સમયે રોડ ઉપર એક ટ્રેક્ટર નં.(જીજે-26-એઇ-7591) એક ટ્રોલી નં.(જીજે-26-ટી-9125) સાથે પાર્કિંગ લાઇટ ચાલુ કર્યા વગર ઊભું હતું, જેમાં આ યુવાનની બાઇક ભટકાતાં એ નીચે પટકાયો હતો. આથી ગંભીર ઇજા પહોંચતાં વ્યારાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જો કે, ત્યાં ફરજ ઉપર હાજર તબીબે તેજસને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકના પરિવારજનોએ ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કીમ ચાર રસ્તા ખાતે બાઈકને અકસ્માત

હથોડા: કીમ ચાર રસ્તા પાસે ગત મોડી સાંજે પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રકના ચાલકે બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગ કરી બાઇકને ટક્કર મારી હતી. આ ઘટનામાં બાઇક સવાર યુવાનનો ચમત્કારિક બચાવ થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર જીજે 23 જેડી 1239 નંબરની ટ્રકના ચાલકે માર્ગ પરથી પસાર થઈ રહેલી જીજે 27 એએચ 3658 નંબરની બાઈકને પોતાની ઝપેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકને ભારે નુકસાન થયું હતું. જો કે, બાઈક ચાલક રાજકુમાર બંજરલાલ જાટ (ઉં.વ.26) (હાલ રહે.,પાલોદ, મૂળ રહે.,રાજસ્થાન) ફંગોળાઈ જતાં તેને સામાન્ય ઈજા પહોંચવા સાથે તેનો આબાદ બચાવ થયો હતો. આ બનાવની જાણ થતા જ સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા. ઘટના અંગે પાલોદ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે સ્થળ પર પહોંચી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### માંડવીમાં સમસ્ત દિગંબર જૈન સમાજ દ્વારા મહાવીર જયંતીની ભવ્ય ઉજવણી


હિતેશ પટેલ

માંડવી: માંડવીમાં દિગંબર જૈન સમાજ દ્વારા મહાવીર જયંતીની 2624મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જૈન ધર્મના 24મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક પ્રસંગે શહેરમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ અવસરે શહેરના મુખ્ય માર્ગો પર ભગવાન મહાવીરની ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી. શણગારેલી પાલખી સાથે વાજતે-ગાજતે નીકળેલી યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને દેરાસર ખાતે સમાપ્ત થઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપોદરામાં નહેરમાં નાહવા પડેલો ૧૨ વર્ષીય બાળક ડૂબ્યો

કીમ: માંગરોળના પીપોદરા નજીક નહેરમાં ૧૨ વર્ષીય બાળકનું તણાઈ જવાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવને લઈને વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, તા. 30 માર્ચ ના રોજ બપોરે અંદાજે ૪:૦૦ વાગ્યાના સમયે અંશુમન ચંદનસિંગ રાજાવત (ઉં.વ.૧૨, રહે., હાલ પીપોદરા ગામ) પોતાના મિત્ર કરણ અને અનુપ સાથે નવીપારડી ગામની સીમમાં પસાર થતી કાકરપાર જમણા કાંઠાની નહેરમાં નાહવા માટે ગયો હતો. બાળકને તરતા આવડતું ન હોવાથી તે વહેતા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. આ અંગે શોધખોળ હાથ ધરાતા બીજા દિવસે સાંજે ઓલપાડ તાલુકાની પારડી ભાદોલી ગામની સીમમાં આવેલી વડોલી માયનોર નહેરના ગરનાળાના પાણીમાંથી બાળક મૃત હાલતમાં મળી આવ્યો હતો. જે અંગે કીમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કુકરમુંડાના પાણીબારા ગામે ઘરફોડ ચોરી

કુકરમુંડા: કુકરમુંડાના પાણીબારા ગામે ઘરફોડ ચોરીની ઘટના સામે આવી છે. ફરિયાદી કરણસિંગ જાન્યાભાઈ વળવી (ઉં.વ.૫૧) દ્વારા નોંધાવાયેલી ફરિયાદ મુજબ તા.૨૫/3/૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યા પહેલા કોઇ અજાણ્યા ઇસમે તેમના પિતાજીના ખુલ્લા ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. આરોપી ઘરમાં મુકાયેલા પતરાના શોકેસમાંથી ત્રણ ચાંદીની બંગડી દરેક અંદાજે ૫ તોલા તથા એક ૫ તોલાનું ચાંદીનું કડું મળી કુલ રૂ.૪૫,૦૦૦ના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ તા.૩૧/3/૨૦૨૬ના રોજ કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### કડોદરાથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો

પલસાણા: કડોદરાના મેવાડા ભવનની સામે, તાતીથૈયાથી ચલથાણ તરફ જતી નહેર પાસેના એક ખુલ્લા ખેતરમાં આશરે ૩૫થી ૪૦ વર્ષની વયના એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે 30 માર્ચના રોજ સવારના ૧૦ વાગ્યા પહેલાં આ વ્યક્તિનું મોત નીપજ્યું હતું. મૃત્યુ પાછળનું કારણ કોઈ ગંભીર બીમારી હોવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

**ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર**
**જાહેર નિવિદા નં - ૪૯ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનના ૦૨ કામ અને ખાસ મારામત એક કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૮.૪૭ થી ૧૯.૫૩ લાખની વચ્ચેની છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૫/૦૪/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૦૨/૨૦૨૬-૨૭

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૫-૨૬**

બોર્ડ ખાતાના માન્ય યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક પેટા-વિભાગ, ગુ.પા.પુ.અને ગટર વ્ય. બોર્ડ, વલસાડ ફોન નં ૯૯૭૮૪૦૭૧૦૫ દ્વારા વલસાડ જીલ્લાની વલસાડ પેરીફેરી જુથ પા.પુ.યોજના અંતર્ગતના મુખ્ય હેડવર્ક્સ ખાતે હયાત ૫૦ હો.પા એચ.એસ.સી.એફ પંપ ડીસ્મેન્ટલ કરી નગરપાલિકાના પંપરૂમ ખાતે બેસાડી કાર્યન્વિત કરવાની કામગીરી તથા ટીમ્ભી નદી ઈંટેકવેલ ખાતે ડીપાર્ટમેન્ટલી ઉતારેલ ૫૦ હો.પાના એસ.સી.એફ પંપ રીપેર કરી ફરીથી બેસાડી કાર્યન્વિત કરવાની કામગીરીની અંદાજીત રકમ રૂા. ૪૯૪,૪૧૯.૦૦ માટે ટેન્ડર માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૧૩/૦૪/૨૬ ૧૮.૦૦ કલાક રહેશે વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપરથી મળશે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટરવ્ય. બોર્ડ નો ટોલફ્રી હેલ્પલાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.
નાયક કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ વલસાડ
નં.માહિતી/વલસાડ/૦૫/૨૦૨૬

**iNDEXTb**
INDUSTRIAL EXTENSION BUREAU
**Expression of Interest**
**Vibrant Gujarat Regional Exhibitions/Trade Shows.**

EoIs are invited for Organizing and Managing Vibrant Gujarat Regional Exhibitions/Trade Show as a part of Vibrant Gujarat Regional Conferences. Document can be obtained from website www.indextb.com and https://tender.nprocure.com from 01.04.2026. Last date of submission is 08.04.2026 up to 1600 Hrs. Interested agencies are requested to visit the website for any further communication. Pre-Meeting is scheduled on 06.04.2026 at 1200 Hrs. at
Industrial Extension Bureau,
Block No. 18, 2nd Floor, Udyog Bhavan,
Sector-11, Gandhinagar 382010.

**ટુંકી મુદતની નિવિદા નં. ૨ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી સુરત ( મા.મ.) પેટા વિભાગ-૪, સુરત ના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, રેસ્ટ હાઉસ કંમ્પાઉન્ડ વલથાણ, દ્વારા સુરત પેટા વિભાગ-૪ હસ્તકના અપકિપિંગ સર્વિસ ફોર વલથાણ રેસ્ટ હાઉસ (૨ માસ) તથા અપકિપિંગ સર્વિસ ફોર પલસાણા રેસ્ટ હાઉસ (૨ માસ) માટે જેની અંદાજી ટેન્ડર કિંમત રૂ. ૫.૦૦ લાખ સુધીની છે. જે કામ માટે અનુભવી સરકાર માન્ય રોડ અને મકાન કન્સલ્ટન્સીના ઈજારદારો પાસેથી ભાવપત્રકો માંગવામાં આવે છે. કોરા ભાવપત્રક આપવાની છેલ્લી તા. ૦૯-૦૪-૨૦૨૬ નાં સાંજે ૧૬:૦૦ કલાક સુધીમાં આપવામાં આવશે. જે ભાવપત્રક સ્પીડપોસ્ટ/ રજી.પો.એડી.થી બાનાની રકમના ડી.ડી / એફ.ડી.આર. સાથે પરત મેળવવાની છેલ્લી તા.૧૫-૦૪-૨૦૨૬ ના સાંજે ૧૬:૦૦ કલાક સુધીની છે. ભરેલ ભાવપત્રકો શક્ય હશે તો બીજા ઓફિસ દિવસે ૧૨:૦૦ કલાકે હાજર રહેલ આસામીઓની સમક્ષ ખોલવામાં આવશે. બાનાની રકમ, પ્રમાણપત્રો વિનાના શરતી તથા સમય વિત્યા બાદ મળેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. સૌથી નીચા ભાવપત્રકો કે મળેલ બધા જ ભાવપત્રકો સ્વિકારવા કે કેમ તે અંગેના તમામ હક્ક નીચે સહી કરનારને અબાધિત રહેશે અને તે માટે કોઇ કારણ આપવામાં આવશે નહી. આ કામની વિગતવાર નોટીસ કચેરીનાં બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીશ અંગેની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયનાં દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાંધવા વિનંતી
નાયબ કાર્યપાલક ઇજનેર
સુરત(મા.અને મ.) પેટા વિભાગ-૪
સુરત
ક્રમાંક:માહિતી-સૂરત/૯/૨૦૨૬

**જાહેર નિવિદા નં- ૦૧ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**

ગુજરાત રાજ્યના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.X મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન- (૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા જુદા પેટા વિભાગ ના જંગલ કટીંગ/નાળા પુલો સફાઈ કુલ ૦૯ કામો જેની અંદાજીત રકમ ૬.૬૯ લાખ થી ૨૦.૨૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender. nprocure. com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૧૭-૦૪-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેના વિભાગની અબાદિત રહેશે.
નં. માહિતી/વલસાડ/૦૧/૨૦૨૬

**નિવિદાનં - ૫૨ સને ૨૦૨૫-૨૬**
**જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં(૦૨૬૩૨- ૨૫૩૬૯૪) ની કચેરીએથી જિલ્લા પંચાયત હસ્તકની વિવિધ યોજના હેઠળ પ્રપોઝલ ફોર પ્રોજેકટ મેનેજમેન્ટ, અને સાથે કન્સલટન્સી સર્વિસ, તથા ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે સુપરવિઝન સર્વિસ કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઈ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

વધુમાં ઈજારદારશ્રીએ જી.એસ.ટી.દરોને ધ્યાનમાં લઈને ભાવો ભરવાના રહેશે.
ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તા:-૧૫/૦૪/૨૦૨૬
કાર્યપાલ ઈજનેર
પંચાયત (મા.મ) વિભાગ વલસાડ
નં.માહિતી/વલસાડ/૦૮/૨૦૨૬

**જાહેર નિવિદા નં- ૦૨ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.Xમ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન- (૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા જુદા પેટા વિભાગ ના મકાનોના કુલ ૦૮ કામો જેની અંદાજીત રકમ ૧૪.૯૮ લાખ થી ૨૦.૨૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https:// www. tender. nprocure. com ઉપરથી જોવા મળશે.
ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ. ૧૭-૦૪-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.
નં. માહિતી/વલસાડ/૦૩/૨૦૨૬

!!જળ એ જીવન!!
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૧ સને ૨૦૨૬-૨૭**
(સંપર્ક નં.૯૬૩૮૬૫૩૪૩૬)

| ભરવાની શરૂઆત | ભરવાની છેલ્લી તારીખ | ટેન્ડર ફિઝીકલ ડોક્યુમેંટ મોકલવાની તારીખ |
| --- | --- | --- |
| તા. ૦૨/૦૪/૨૦૨૬ | તા. ૧૬/૦૪/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી | તા.૨૦/૦૪/૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી |

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી આઈ.ડી. નં. ૨૯૧૭૯૪, ૨૯૧૭૯૮, ૨૯૧૮૦૦, ૨૯૧૮૦૩, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આહવા ધ્વારા માન્ય કેટેગરીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસેથી જી.ડાંગ માટે જુદી-જુદી પાણી પુરવઠા યોજના માટે કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ.ગ. અને ગ.વ્ય.બોર્ડ, જલભવન, સાપુતારા રોડ, આહવાની કચેરી દ્વારા સિવિલ કામો ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેવટની તા.૨૦/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી નિવિદા વિગતવાર વેબસાઈટ https://tender. nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર ફિઝીકલ ડોક્યુમેંટ આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ/ કુરીયર થી સ્વીકારવામાં આવશે. (ટેન્ડર ફી ડિમાંડ ડ્રાફ્ટ દ્વારા સ્વીકારવામાં આવશે.) તમામ કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેંટ/સુધારા કે કોઈપણ ફેરફાર ફક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ નો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.
ક્રમાંક: માહિતી/ડાંગ/૦૩/૨૦૨૬

**ગુજરાત સરકાર**
**નર્મદા,જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઇ-ટેન્ડર નોટીસ નં-૦૧ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી, કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ,રાજપીપલા-૩૯૩૧૪૯ ફોનનં.૦૨૬૧-૨૨૨૮૯૯/૨૨૦૧૩૪ ની કચેરીએથી તેમના તાબા હેઠળના ધોલી સિંચાઇ પેટા વિભાગ,રાજપારડી હસ્તકના નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન (ઇ-ટેન્ડરીંગ) પદ્ધતિ થી ગુજરાત રાજયના માર્ગ અને મકાન તથા જળસંપતિ વિભાગ હેઠળ 'એ' વર્ગ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય રજીસ્ટાર્ડ કોન્ટ્રાકટરો પાસેથી SBD ફોર્મના નિયત નમુનામાં ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અ. નં | કામનું નામ | કામની અંદાજિત રકમ રૂા. લાખમાં | ટેન્ડર ફી / બાનાની રકમ | કોન્ટ્રાક્ટર શ્રેણી |
| --- | --- | --- | --- | --- |
| (૧) | રબલ પિચિંગ રિસ્ટોરેશન વર્ક ઓફ બલદેવા ઈરીગેશન સ્કીમ | ૩,૧૦,૭૩,૭૯૨.૯૫/- | ૬૦૦૦/- 3,૧૧,૦૦૦/- | "એ" વર્ગ અને તેની ઉપરની શ્રેણી |
| (૨) | ટેન્ડર ડાઉનલોડ તેમજ બીડ સબમીશન શરૂ થવા તારીખ અને સમય | તા. ૦૬-૦૪-૨૦૨૬, ૦૦.૦૦ કલાક સુધી | | |
| (૩) | ઓનલાઈન બીડ ભરવાની અંતિમ તારીખ અને સમય | તા. ૦૫-૦૫-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૪) | ફિઝીકલ ડોક્યુમેન્ટ વિભાગીય કચેરીમાં સાદર કરવાની છેલ્લી તારીખ | તા. ૧૨-૦૫-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૫) | સંપર્ક સાધવાની કચેરીનું સરનામું | કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ નં. ૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા- ૩૯૩૧૪૫ ફોન નં. ૦૨૬૪૦-૨૨૨૮૯૯ / ૨૨૦૧૩૪ | | |

રાજય સરકારની માહિતી ખાતાની વેબ સાઇટwww.nprocure.com અને www.statetenders.com ઉપર જોવા મળી શકશે.
આ કામઓની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે,અથવા આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે.
માહિતી/નર્મદા/૦૫/૨૦૨૬-૨૭

**ઓનલાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**
**ટેન્ડર નોટિસ નં.૦૧ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, તાપી (મા. × પ.) વિભાગ, વ્યારા ,જિલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, બીજો માળ, પાનવાડી, વ્યારા, જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૧૯ તરફથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ બે કવર (ટેકનીકલ અને પ્રાઈસ બીડ) ફોર્મ બી-૧ /એસ.બી.ડી. પધ્ધતિથી ગુજરાત રાજયમાં અથવા અન્ય રાજયમાં અથવા સી.પી.ડબલ્યુ.ડી.માં નોંધાયેલ નીચે જણાવેલ વર્ગમાં અથવા સમકક્ષ નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત | બાનાની રકમ | ટેન્ડર ફી | લાયકાત |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧ | રીકન્સ્ટ્રકશન ઓફ હાઈ લેવલ મેજર બ્રીજ ઓન પુર્ણા રીવર ઓફ બુહારી અંધાત્રી કલકવા ડુગરી કરચેલીયા રોડ, કિ.મી.૦/૦ થી ૧૦/૦૦ (એમ.ડી.માર,), જિ.તાપી | ૧૩,૩૮,૧૦,૬૯૦.૧૪ | ૧૩,૩૯,૦૦૦/- | ૧૮૦૦૦/- | ''એએ'' કલાસ અને સ્પે.કેટ.I(બ્રીજ) અને ઉપરના |

ટેન્ડરના દસ્તાવેજો તા.૨૯/૦૪/૨૦૨૬ દરમ્યાન ૧૮,૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.In પર જોવા મળશે અને ટેન્ડર દસ્તાવેજ ઓનલાઈન સબમીશનની તા.૨૯/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી છે.
ટેન્ડરના તા.૩૦/૦૪/૨૦૨૬નાં રોજ અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા×મ) વર્તુળ, સુરતની ચેમ્બરમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.
ટેન્ડરની પ્રી-બીડ કોન્ફોરન્સ તા.૨૧/૦૪/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ કલાક પછી અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા × ૫) વર્તુળ, સુરતની કચેરીમાં રાખવામાં આવેલ છે.
ટેન્ડર ફીનાં ડીમાન્ડ ડ્રાફ્ટ, બાના રકમ માટે એફ.ડી.આર. અથવા મુકિત પ્રમાણપત્ર, માન્ય નોંધાયેલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, બેંક સોલવંશી (માન્ય) ભાગીદાર કરાર વિગેરે ઈલેકટ્રોનીક ફોર્મેટથી (સ્કેનીંગથી) રજુ કરવાનું રહે છે.
ટેન્ડર ફી તથા બાનાની રકમનો મુળ દસ્તાવેજ તા.૩૦/૦૪/૨૦૨૬ થી તા.૦૭/૦૫/૨૦૨૬ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી, તાપી (મા. અને મ.) વિભાગ, વ્યારા ના સરનામે અને કવર ઉપર કામનું નામ જણાવી રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ થી પણ અવશ્ય મોકલવું.
ક્રમાંક.માહિતી-સૂરત/૭/૨૦૨૬